**મે. સુરતના ૧૪માં જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ  સાહેબશ્રીની કોર્ટમાં**

**ફોજદારી કેસ નંબર– ૮૭૭૮૦ સને ૨૦૨૩**

**આંક – ૪**

**ફરીયાદીઃ – શ્રી સરકાર**
**વિરૂધ્ધ**
**આરોપીઃ – ઈમરાન મેહમુદ આલમ**

**ગુનોઃ – ઇ.પી.કો. કલમ ૨૭૯ મુજબ**

**// ચુકાદો //**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપીએ બનાવ સ્થળે અને સમયે પોતાનું વાહન પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તથા લોકોના જીવ જોખમાય અથવા ગંભીર અકસ્માત થાય તે રીતેત બેદરકારી થી ચલાવી લાવી પકડાઇ જઇ તમો આરોપીએ ઇ.પી.કો. ની કલમ – ૨૭૯ મુજબનો ગુનો કરેલ છે.
2. આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યાર બાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીની પ્લી લઇ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ કરેલી કબુલાત એ કોઇના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઇ કારણ જણાતું નથી. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરુ છુ.

**// હુકમ //**

1. આ કામના આરોપી ને ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૫૨ હેઠળ ઇ.પી.કો. ની કલમ – ૨૭૯ ના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી ને ૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા)નો દંડ, જો દંડ ના ભરે તો દિન – ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
2. મુદ્દામાલનો નીયમ મુજબ ખરાઇ કરી નીકાલ કરવો.

હુકમ આજ તારીખ ૦૯ મી માહે ડીસેમ્બર સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા. ૦૯/૧૨/૨૦૨૩**
**સુરત.**

**(પ્રખર ગૌતમ)**
**૧૪માં જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ**
**, સુરત.**
**યુનીક આઇ.ડી.કોડ નં. જીજે૦૧૭૫૧**